નં.જીઆઈડીસી/ઓએન્ડએમ/સીઆઈઆર/વસુલાત/૨૦૧૬/૬૭
ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમ
વડી કચેરી, ઉદ્યોગ ભવન, ગાંધીનગર
તા. ૩૧/૧૨/૨૦૧૬

# //પરિપત્ર//

**વિષય :– નિગમની વસુલાતની કાર્યવાહીને વેગ મળે તે હેતુથી OTS યોજના હેઠળ દંડકીય વ્યાજ તથા વિલંબીત ચુકવણાં પરના વ્યાજમાં રાહત આપવા સમય મર્યાદા વધારી આપવા બાબત**

સંદર્ભ :– (૧) પરિપત્ર ક્રમાંક : જીઆઈડીસી/ઓએન્ડએમ/સીઆઈઆર/વસુલાત/૨૦૧૫/૧૨ તા.૩૦.૧.૨૦૧૬
(૨) પરિપત્ર ક્રમાંક : જીઆઈડીસી/ઓએન્ડએમ/સીઆઈઆર/વસુલાત/૨૦૧૬/૩૧ તા.૨૬.૪.૨૦૧૬
(૩) પરિપત્ર ક્રમાંક : જીઆઈડીસી/ઓએન્ડએમ/સીઆઈઆર/વસુલાત/૨૦૧૬/૪૮ તા.૩૦.૬.૨૦૧૬

ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમના ઉદ્યોગકારોને નિગમ દ્વારા પ્લોટ / શેડ / કવાર્ટર / રહેણાંક પ્લોટ તેમજ વાણિજય પ્લોટ, ગોડાઉન, દુકાનો વિગેરે ફાળવવામાં આવે છે. આવી ફાળવેલ મિલ્કતના બાકી લ્હેણાં માટે નિગમની વસુલાતને વેગ મળે અને ઉદ્યોગ સાહસિકોને દંડકીય વ્યાજ અને વિલંબીત ચુકવણાં પરના વ્યાજમાં રાહત મળે તે હેતુથી વસુલાતને પાત્ર થતાં વ્યાજ અને દંડકીય વ્યાજની રકમમાં રાહત માફી આપવા બાબતની અમલમાં મુકવામાં આવેલ યોજનાની સમય મર્યાદા સંદર્ભિત નં.૩ ના પરિપત્રથી તા.૩૦.૬.૨૦૧૬ થી વધારી તા.૩૧.૧૨.૨૦૧૬ સુધી (છ માસ માટે) લંબાવવામાં આવેલ છે. જે હવે તા.૩૧.૧૨.૨૦૧૬ થી સમય મર્યાદા વધારી તા.૩૧.૩.૨૦૧૭ સુધી (૩ માસ માટે) માન.અધિક મુખ્ય સચિવ અને અધ્યક્ષશ્રીએ ફાઈલે આપેલ મંજુરી મુજબ વધારી આપવામાં આવે છે.

નિગમની વસુલાતને વેગ મળે અને ઉદ્યોગ સાહસિકોને દંડકીય વ્યાજ અને વિલંબીત ચુકવણાં પરના વ્યાજમાં રાહત મળે તે હેતુથી નીચેની શરતોએ વસુલવા પાત્ર થતાં વ્યાજ અને દંડકીય વ્યાજની રકમમાં રાહત આપવાનું ઠરાવવામાં આવે છે.

(૧) જે તારીખે ચુકવણું કરવામાં આવે તેની આગળની તારીખ સુધીના બાકી લ્હેણાંની તમામ રકમ એકસાથે ડીમાન્ડ ડ્રાફટ કે પે ઓર્ડરથી જમા કરાવવાની રહેશે.

(૨) આ યોજના પરિપત્ર તારીખથી તા.૩૧.૩.૨૦૧૭ સુધી અમલમાં રહેશે.

(૩) આ યોજના હેઠળ ૩ % દંડકીય વ્યાજની રકમ પુરેપુરી માફ કરવામાં આવશે.

(૪) આ યોજના હેઠળ પાણી પુરવઠા તેમજ ડ્રેનેજ ચાર્જીસની સંપૂર્ણ બાકી લ્હેણી રકમની એકસામટી ચુકવણી કરવા માંગતા એકમોને તેમની બાકી લ્હેણી રકમમાં વિલંબીત ચુકવણાં પરના વ્યાજમાં ૫૦ % (પચાસ ટકા) તથા દંડકીય વ્યાજમાં સંપૂર્ણ ૧૦૦ % (સો ટકા) માફી આપવાની રહેશે.

... પાછળ

(૫) બાકી તમામ લ્હેણાંનું ચુકવણું એક સાથે કરવામાં આવે તે તારીખ સુધીનું જે કંઈ વિલંબીત વ્યાજ ચઢયું હોય તેમાં ૫૦ % રાહત આપવામાં આવશે.

(૬) જે કોઈ કિસ્સામાં દંડકીય વ્યાજ, વિલંબીત ચુકવણાં પરનું વ્યાજ અગાઉ ભરપાઈ થઈ ગયેલ હોય તો તેમાં કોઈપણ પ્રકારની રાહત આપવામાં આવશે નહી. રાહતની દરખાસ્ત વિભાગના (હિસાબી અધિકારીશ્રી) મારફત ચકાસણી કરી, પ્રાદેશિક મેનેજરશ્રીન ભલામણ સહ વિભાગીય પ્રબંધકશ્રી દ્વારા મંજુર કરાવવાની રહેશે તથા મંજુર કરેલ કેસની વિગતો પત્રક સ્વરૂપે કા.નિ. (વસુલાત) ને પ્રગતિ અહેવાલ સહ દર ૧૫ દિવસે રજુ કરવાના રહેશે.

(૭) જે કોઈ કિસ્સાં દંડકીય વ્યાજ, વિલંબીત ચુકવણાં પરના વ્યાજમાં રાહત રૂા.૧૦,૦૦,૦૦૦/- (દસ લાખ) અથવા તેથી વધારે આપવાની થતી હોય તેવા કિસ્સામાં ઉપરોકત મુદ્દા નં.૫ માં જણાવ્યા પ્રમાણે વિભાગીય પ્રબંધકશ્રીની ભલામણ સહ દરખાસ્ત વડી કચેરીએ મુખ્ય હિસાબી અધિકારીશ્રીને મંજુરી અર્થે સાદર કરવાની રહેશે.

(૮) આ યોજના અંતર્ગત દરખાસ્ત કરતાં પહેલાં પાર્ટી દ્વારા આપવામાં આવેલ ડીમાન્ડ ડ્રાફટ કે પે ઓર્ડર નિગમના ખાતામાં જમા કરાવવાના રહેશે.

(૯) સદરહુ હકમના અમલીકરણ અંગે કોઈ વિસંગતતા ઉદભવે તો ઉપાધ્યક્ષ અને વહીવટી સંચાલકશ્રીને પૃચ્છા કરી નિરાકરણ કરવાનું રહેશે.

**સહી/-**
**(ડી.થારા)**
**ઉપાધ્યક્ષ અને વહીવટી સંચાલક**

પ્રતિ,

- નિગમના તમામ અધિકારીશ્રીઓ તરફ
- પ્રમુખશ્રી, ફેડરેશન ઓફ ઈન્ડસ્ટ્રીઝ એસોસીએશન, અમદાવાદ ... તરફ જાણ સારું.
- નિગમના તમામ ઔદ્યોગિક વસાહતના માન્ય ઔદ્યોગિક મંડળોના પ્રમુખશ્રીઓ... તરફ જાણ સારું.
- મેનેજરશ્રી(એસએન્ડએ),જીઆઈડીસી,ગાંધીનગર... તરફ સદર પરિપત્ર વેબસાઈટ ઉપર મુકવા સારું.

**રવાના કર્યુ**

M (S&A)

**કાર્યપાલક નિયામક (ઈએન્ડએ)**